## વડીલોને વંદન અભિનંદન



પુરુષોત્તમ એ. ગજ્જર (૧૯૪૭) મો.૯૮૨૪૫૦૨૨૭૫



અનિલભાઈ આર. જાની (૧૯૪૦) ફોન: ૨૩૨૨૪૯૮૩

## પ્રાંતિજમાં મેલડી માતા મંદિર દ્વારા પગરખાનુ વિતરણ કરાયુ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ભગવતી રાજરાજેશ્વરી મેલડીમાતા મંદિર ખાતે તા. ૩-૫-૨૦૧૫ના રોજ ગરીબ બાળકોને ઉનાળાની ગરમીથી બચવા માટે પગરખાંનુંવિતરણ જયમાડી પંકજભાઈ તથા ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત વૃદ્ધો માટે શાફીનુંપણ વિના મુલ્યે વિતરણ તથા ઠંડી છાશ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનો લાભ પંથકના અસંખ્ય લોકોએ લીધો હતો. 'રામરથ કો નહી દોષ ગોસાઈ' વિષય પર સતસંગ તથા અંધશ્રદ્ધા કુરીવાજોથી બચવા કૃત સંકલ્પી જીવન જીવવા અનુરોધ કરવામાં આવ્યો હતો તો નવધા ભક્તિ માતૃવંદનાના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તો અમદાવાદથી આવેલા વૈધરાજ દ્વારા વિવિધ રોગો સામે પ્રતિકાર શક્તિ માટેના દેશી દવા-વનસ્પતિના નુસ્કા બતાવવામાં આવ્યા હતા. મોયદના સરપંચ વિપુલભાઈ પટેલ સામાજિક કાર્યકર હરીસિંહ દરબાર સહિતના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

પ્રાંતિજ શહેરમાં ભુગર્ભ ગટર યોજના અંતર્ગત કરવામાં આવેલ ખોદકામ

# ત્રીજા દિવસે આખરે સોસાયટીના રહિશોની તુ...તુ..મે...મે.. બાદ બાજુમાં નવેસરથી ખોદકામ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શ્રી વિકાસ યોજના અંતર્ગત ભુગર્ભ ગટર લાઈન ખોદવામાં આવી હતી. જેમાં ચાલુ છે જેમાં કોન્ટ્રાક્ટરની ધીમી કાચબાની ગતીએ કામ ચાલે છે તથા એરિયા વાઈઝ કોઈ પણ જગ્યાની સોસાયટી નાકે સ્થાનિક લોકોનો સંપર્ક કર્યા વગર આડેધડ ખોદકામ કરી દેતા આખરે ત્રણ દિવસ પહેલા ખોદેલ કર્યુ હતુ. આમ આ સોસાયટીના રહીશોને જાણે ગટરલાઈનના ખાડાખાડીથી હજુ જયા સુધી નવેસરથી ખોદકામ કરેલ નવી લાઈનમાં પાઈપ નહી નખાય ત્યાં સુધી માથે હાથ મુકીને બેસી રહેવાનો વારો આવ્યો છે.

જયારે આયોજન વગર કરવામાં આવતા ખોદકામથી હાલ તો જનતાને હેરાનગતી ભોગવવાનો વારો આવ્યો છે. અને જયારે સગવડ મળશે ત્યારે મળશે પણ હાલ તો એક તરફી વલણ ધરાવતા કોન્ટ્રાક્ટર દ્વારા સોસાયટીના રહીશોને હેરાનગતી ભોગવવાનો વારો આવ્યો છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



સોસાયટીના રહીશોનો ત્રણ દિવસથી થઈ રહેલ વિરોધ બાદ આખરે કોન્ટ્રાક્ટર દ્વારા ખોદેલ લાઈન પુરાણ કરી બાજુમાં નવેસરથી ખોદકામ કરતાં રહિશોનો મીજાજ થાળે પડ્યો હતો.

મળતી માહિતી મજુબ પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ પલ્સ હોસ્પિટલની પાસે આવેલ સોસાયટીમાં મુખ્યમંત્રી વિકાસ યોજના ભુગર્ભ ગટર યોજનાનું કામ લાઈન નીચે રહીશો દ્વારા જે તે સમયે બનાવેલ ખારકુવા કે અન્ય લાઈનો આવતાં રહીશો લાલપીળા થઈ ગયા હતા અને સખત વિરોધ બાદ આખરે ત્રીજા દિવસે કોન્ટ્રાક્ટર દ્વારા અગાઉ કરેલ ગટરલાઈન ખોદકામ કરેલ ગટરલાઈન નીચે સોસાયટીના રહીશોની સંડાસની ગટર લાઈન ઉપર આવતા છેવટે આજે સવારે ખોદકામ કરેલ લાઈનનું પુરાણ કરી બાજુની બાજુએ નવેસરથી લાઈનનું ખોદકામ

# મેઘરજના પટેલ ઢુંઢા ચાર રસ્તાએ ટ્રક પલટી જતાં ટ્રકના ભુક્કા નિકળી ગયા

મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પટેલ ઢુંઢા ચાર રસ્તા પર મંગળવારે રાત્રે ૯.૩૦ વાગ્યાની ૯.૩૦ વાગ્યાના સમયે પસાર થઈ રહેલી ટ્રક પલટી મારી ગઈ હતી અને ગાડીમાં સવાર ત્રણ જણ પૈકી એક વ્યકિતને પગના ભાગે સામાન્ય ત્રણ જણનો આબાદ બચાવ થયો હતો. ટ્રક મેઘરજ-રાજસ્થાન મુખ્યમાર્ગ પર જ પલટી મારી જતાં રોડ પરથી પસાર થઈ રહેલા વાહન



(તસવીર : જય અમીન, મોડાસા)

આસપાસ રાજસ્થાન તરફથી મેઘરજ આવી રહેલી ટ્રકના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં ટ્રક રોડ પર જ ત્રણ-ચાર પલટી ખાઈ ગઈ હતી. જેમાં ટ્રકના ભુક્કા બોલાઈ ગયા હતા જયારે ટ્રક ચાલક અને ટ્રકમાં સવારી કરી રહેલા બે વ્યકિતઓનો આબાદ બચાવ થયો હતો.

મેઘરજ તાલુકાના પટેલ ઢુંઢા ચાર રસ્તાએ મંગળવારે રાત્રિના ઈજાઓ પહોંચી હતી. રાજસ્થાન તરફથી આવી રહેલ ટ્રકના ટ્રક ચાલકે પટેલ ઢુંઢા ગામના ચાર રસ્તા પર આગળ જઈ રહેલા ટ્રેકટરની ઓવરટેક મારવા જતા ટ્રક ચાલક ટ્રકની ઝડપ વધારે પ્રમાણમાં હોવાથી સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં ટ્રક રોડ પર જ ત્રણ ચાર પલટી મારી ગઈ હતી અને ટ્રકના ભુક્કા બોલાઈ ગયા હતા. સદનસીબે ટ્રકમાં સવાર ચાલકોએ અને પલટી ખાઈ જતાં થયેલા ધડાકાભેર અવાજથી પટેલ ઢુંઢા ગામના લોકો દોડી આવ્યા હતા અને ટ્રકમાં સવાર એક વ્યકિતને સામાન્ય ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો. ટ્રકની હાલત જોતાં લોકોના મુખમાંથી 'રામ રાખે તેને કોણ ચાખે' શબ્દો સરી પડયા હતા.

# ઊંઝા મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચારની ભારે બુમરાણ

ઊંઝા, તા.૬

ઊંઝા ખાતે ઓલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથુ ઉંચકયું હોવાની વ્યાપક લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની મહેસુલ, પુરવઠાશાખા, મધ્યાનભોજન, ઈ-ધરા શાખા તથા સબરજીસ્ટ્રાર ઓફિસને લગતા કામકાજમાં અરજદાર પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરી રહ્યા હોવાનું સરેઆમ ચર્ચાય છે. મામલતદાર કચેરીની વિવિધ શાખાઓ તેમજ સબરજીસ્ટ્રાર ઓફિસમાં રોજીંદા કેટલાય અરજદારો જુદા જુદા કામો અંગે કચેરીમાં આવતા હોય છે. આવા અરજદારો યા નાગિરકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવાય છે.

કહે છે કે આ કચેરીમાં મુખ્યત્વે દલાલો અને વચેટિયાઓનું રાજ ચાલે છે. જેઓના થકી કચેરીને લગતું કામકાજ સરળતાથી થઈ જાય છે. જયારે કઈ નાગરિક પોતાની રીતે સીધો કચેરીમાં કામકાજ કરાવે તેનું કામ ઈરાદાપૂર્વક યેનકેન પ્રકારે વિલંબમાં નાંખીને ટલ્લે ચડાવી પરેશાન કરાય છે.

કહે છે કે આ કચેરીમાં છેલ્લા ઘણા વખતથી ભ્રષ્ટાચારે માઝા મુકી દીધી છે. કચેરીમાં ફરજ બજાવતા મોટા ભાગના સરકારી બાબુઓ તેમજ અન્ય કોન્ટ્રાકટના કર્મચારીઓ તથા અત્રે ફરજ બજાવતા નિવૃત્ત કર્મચારીઓ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકોને વ્યવસ્થિત જવાબ આપતા નથી. અને એક બીજાને ટેબલ પર ધક્કા ખવડાવે છે. આ કચેરીમાં ભ્રષ્ટચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજુબરી અણઆવડત તેમજ પુરાવાના અભાવે ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે.

# દાંતીવાડામાં કૃષિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૫

સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ઉત્સાહભર્યા માહોલમાં કૃષિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ઈશ્વરસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને કૃષિ મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ચીલાચાલુ ખેતી છોડીને આધુનિક અને વૈજ્ઞાનીક ખેતપધ્ધતિઓ અપનાવી બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખી આયોજનપૂર્વક ખેતી કરીએ તો સારી આવક મેળવી શકાય છે. તેમણે કહ્યું કે સમયની સાથે કદમ મિલાવી ચાલીએ અને નવી માહિતી અને માર્ગદર્શનથી ખેતી અને પશુપાલનમાં સારી આવક મેળવી બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી સરસ ભણાવીને સુખમય પરિવાર અને સમાજનું નિર્માણ કરીએ. શ્રી સોલંકીએ કહ્યું કે પ્રગતિશીલ ખેડૂતોના ખેતર ઉપર જઈને તેમણે અપનાવેલ ખેતપધ્ધતિઓ જાતે જોઈને તેમજ માહિતી મેળવી તેનો અમલ કરીએ. પ્રમુખશ્રીએ જણાવ્યું કે આ સરકાર ખેડૂતોના હિત અને કલ્યાણ માટે વિશાળ પાયે પ્રશંસનીય કામગીરી કરે છે. તેમણે ઉમેર્યુ કે નર્મદાનું પાણી અહીં દાંતીવાડા ડેમમાં નાખીને તેમજ સુજલામ સુફલામ કેનાલ દ્વારા ભૂગર્ભ જળ સ્તરને ઉંચા લાવવા આ સરકારે સરાહનીય કામગીરી કરી છે.

દાંતીવાડા કૃષિ યુનિ. ના સહપ્રધ્યાપકશ્રી ડો. એમ.એમ.પટેલે ખેડૂતોને પાણીનો કરકસર અને કાળજીપૂર્વક ઉપયોગ કરવા જણાવતાં કહ્યું કે ટપક અને ફુવારા પધ્ધતિનો ઉપયોગ કરીએ તેમજ જમીનને અનુરૂપ પાકોનું વાવેતર કરીએ. શ્રી પટેલે કહ્યું કે સુધારેલાં સંશોધીત સારા બિયારણનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે આધુનીક ખેતી વિશે વિસ્તુત માર્ગદર્શન અને માહિતી આપી હતી.

આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતશ્રી નાગજીભાઈ માળીએ ફાયદાકારક ખેતી વિશે વિવિધ ઉદાહરણો સહીત સારી સમજ આપી હતી. કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો ધ્વારા ખેડૂતો અને પશુપાલકોને ઉપયોગી સુંદર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. કાર્યક્રમના સ્થળે સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા લોકોને ઉપયોગી માહિતીસભર સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે અગ્રણીશ્રી મેરૂજી ધુંખ, શ્રી પી.જી.જોષી, તા. પંચાયતની સામાજીક ન્યાય સમિતીના ચેરમેનશ્રી હેમરાજભાઈ ગોહિલ, તા.પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખશ્રી આર.જી.પરમાર, જીલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી પી.પી.તડવી, તા.વિકાસ અધિકારી શ્રીમતિ રમીલાબેન પરમાર, સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

## સલમાનને સજા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ સરકારી વકીલે ૧૦ વર્ષની સજાની માંગ કરી હતી. ૧.૨૦ વાગે જજ દેશમુખ કોર્ટ રુમમાં પહોંચ્યા હતા અને સલમાનને પાંચ વર્ષની સજા ફટકારી દીધી હતી. ત્યારબાદ સલમાન તરફથી દેશના સૌથી ટોચના વકીલો પૈકી એક હરિશ સાલ્વેએ મુંબઈ હાઈકોર્ટમાં વચગાળાની જામીન અરજી દાખલ કરી હતી અને સુનાવણી માટે અપીલ કરી હતી. અરજન્ટ મેશનની અરજી પર સુનાવણીની મંજુરી મળી ગઈ હતી. ૪.૪૮ વાગે કોર્ટે સલમાનને બે દિવસ માટે વચગાળાના જામીન આપી દીધા હતા. જામીન મળી ગયા બાદ ઓર્ડરની નકલ સેશન કોર્ટમાં આપવાની બાબત સપાટી ઉપર આવી હતી. સામાન્યરીતે સાંજે આવેલા કોર્ટ ઓર્ડરની નકલ આગલા દિવસે આપવામાં આવે છે પરંતુ સેશન કોર્ટમાં કહેવામાં આવ્યું કે, કોપી થોડાક સમયમાં મળી જશે. સેશન કોર્ટમાં પણ ૫.૩૦ વાગે કામકાજ બંધ થઈ જાય છે. જજે ૫.૪૫ વાગ્યા સુધી ઈંતજાર કરવાની વાત કરીને સલમાનને બેસી રહેવા માટે કહ્યું હતું. સાંજે ૬.૧૫ વાગ્યા સુધી પણ ઓર્ડરની નકલ સેશન કોર્ટમાં પહોંચી ન હતી પરંતુ સલમાન અને જજ ત્યાંજ બેઠા હતા આખરે ૬.૨૦ વાગે કોર્ટ ચુકાદાની નકલ પહોંચી ગઈ હતી અને સલમાનને પોતાના પરિવારની સાથે જ રહેવાની તક મળી ગઈ હતી. બે દિવસ બાદ એટલે કે શુક્રવારે સલમાનના ભાવિ અંગે ફરી ચુકાદો થશે.

અગાઉ સલમાનના વકીલોએ કહ્યુંહતું કે તેના ચેરિટી ફાઉન્ડેશન હેટને હજુ સુધી ૪૨ કરોડ રૂપિયાની જરૂર છે. સલમાને ૬૦૦ જેટલા બાળકોની હાર્ટની સર્જરી પણ કરાવી છે. કોર્ટ સંકુલની બહાર જોરદાર ધક્કામુક્કી થતા પોલીસે સ્થિતીને કાબુમાં લેવા માટે પોલીસે કોર્ટ રૂમના દરવાજા બંધ કરી દીધા હતા. ભારે અંધાધુંધી પણ જોવા મળી હતી. સલમાનના વકીલોએ એવી દલીલ પણ કરી હતી કે તેના અસીલે પહેલાથી ભોગ બનેલા લોકોને વળતર તરીકે ૧૯ લાખ ચુકવી દીધા છે. સવારે કોર્ટની કાર્યવાહી શરૂ થઈ તે પહેલા સુધી સલમાન સ્વસ્થ નજરે પડી રહ્યો હતો. પરંતુ કોર્ટનો ચુકાદો આવતાની સાથે જ તે પોતે પણ ભાંગી પડ્યો હતો. સલમાન કોર્ટ સંકુળમાં પહોંચ્યો હતો. પરંતુ વિટનેસ બોક્સમાં બોલાવ્યા બાદ તેની સ્થિતી પણ બદલાઈ ગઈ હતી. સલમાન પાસે લાયન્સ નહી હોવા, શરાબના નશામાં હોવા અને ડ્રાઈવિંગ કરી રહ્યો હોવાની વાત કરતા તેના ભાઈ અરબાજ અને સોહેલ પરેશાન થઈ ગયા હતા. ૧૩ વર્ષ જુના હિટ એન્ડ રન મામલામાં સલમાન બિનઈરાદે હત્યાના આરોપનો સામનો કરી રહ્યો છે. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સલમાનની ગાડીની ટક્કરથી એકનું મોત થયું હતું. આમા અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડના સૌથી મોટા સ્ટાર તરીકે સલમાનને ગણવામાં આવે છે. તેની તમામ ફિલ્મો બોકસ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી રહી છે. તેના નામ પરથી ફિલ્મો સુપર હિટ થઈ રહી છે.સલમાનની આવનારી ફિલ્મોમાં પ્રેમ રતન ધન પાયો અને ભાઈજાનનો સમાવેશ થાય છે.

## ઉચ્ચકક્ષાની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિગતવાર ચર્ચા કરવામાં આવી અને ગત વર્ષે મળેલ બેઠકના અનુસંધાને થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગત વર્ષની સરરખામણીએ આ વર્ષે બેકલોગની જગ્યાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં સુધારો જોવા મળ્યો છે. જેની વિગતો જોઈએ તો તા. ૧-૧-૨૦૧૫ને ધ્યાને લઈ રાજ્યમાં હાલ અનુ. જાતિની ૭૧, અનુ. જનજાતિની ૧૫૫૨ અને ઓબીસીની ૩૪૯ મળી કુલ ૧૯૭૨ જગ્યાઓ ભરવાની બાકી છે. આ જગ્યાઓ ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ અને ગુજરાત જાહેર સેવા આયોગમાં વિભાગો તરફથી માંગણા પત્રકો મોકલવામાં આવ્યા છે. તે સંદર્ભે તાત્કાલીક કાર્યવાહી હાથ ધરી આ જગ્યાઓ સમય મર્યાદામાં ભરવા માટે પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. બેકલોગની જગ્યાઓ ભરવા માટે વિભાગો, જીપીએસસી અને ગૌણ સેવા પસંદગી મંડળ સાથે મળીને ઝુંબેશના સ્વરૂપે કાર્યવાહી હાથ ધરે એવી સૂચના આપવાનું નક્કી કરાયું હતું.

## ખોવાયેલ છે

ગુજરાત નેશનલ લૉ-યુનિ.ની છઠ્ઠા સેમેસ્ટરની માર્કશીટ હિમાંશુ શર્મા, કોલેજ રજી. નં. 10A048ની ઈન્ફોસીટી આસપાસ તા. ૨૭/૪/૧૫ થી તા. ૩૦/૪/૧૫ સુધી ખોલાયેલ છે. કોઈને પણ મળે તો નીચેના સરનામે જાણ કરવા વિનંતી.

હિમાંશુ શર્મા
FF/49, બોઈઝ હોસ્ટેલ,
GNLU, કોબા, ગાંધીનગર
મો. : ૯૭૨૪૫ ૧૭૯૭૧

# પ્રાંતિજના વડવાસા પાસે અજાણ્યા વાહનની ટકકરે અજાણ્યા યુવકનું મોત

પ્રાંતિજ, તા.૬

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ વડવાસા પાટીયા અને તાજપુર વચ્ચે એક પાગલ જેવો લાગતા યુવાન જે અજાણ્યા વાહને ટકકર મારતા આ યુવાનનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજયું હતું.

પ્રાંતિજ પોલિસ સ્ટશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વડવાસા અને તાજપુર વચ્ચે આવેલ નેશનલ હાઈવે આઠ ઉપર રાત્રિના સમયે અજાણ્યા ભારે વાહનોની ટકકરથી અર્ધ પાગલ યુવાનને કોઈએ નેશનલ હાઈવે આઠ રોડ ઉપર ટકકર મારતા ગાંડા જેવા યુવાનને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત થયુ હતું.

જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતા પ્રાંતિજ પોલિસ જવાન રજનીકાન્ત ખેમચંદભાઈ દ્વારા સ્થળ ઉપર જઈ તપાસ કરી અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## કંપની સમાચાર

### ગુજરાતમાં ફલોર ફોર્ટીફિકેશનની પ્રણાલીને પુનઃજીવિત કરાઈ

ભારતના દરેક નાગરિક માટે ઘઉંનો લોટ મુખ્ય આહાર (સ્ટેપલ ફૂડ) છે અને ફોર્ટીફાઈડ લોટના ઉપયોગથી નાગરિકોના આરોગ્ય અને તબિયતને હકારાત્મક અસર થાય છે અને સમતોલ આહારમાં જરૂરી ખનિજ અને પોષક તત્વો મળી રહે છે. ગુજરાત રોલર ફલોર મિલ્સ એસોસિએશને તેના સભ્યો માટે તેમની કોર્પોરેટ સામાજીક જવાબદારીના ભાગરૂપે લોટના ફોર્ટીફિકેશન પ્રણાલીની પહેલ હાથ ધરી છે. આ પ્રક્રિયા માટે ભારતના ધિ ફૂડ ફોર્ટીફિકેશન ઈનિશ્યેટિવ (એફઆઈઆઈ)નો સહયોગ મેળવવામાં આવ્યો છે. અગાઉ ફલોર ફોર્ટીફિકેશન ઈનિશ્યેટિવના નામે જાણીતી, ધિ ફૂડ ફોર્ટીફિકેશન ઈનિશ્યેટિવ (એફઆઈઆઈ) ઝૂંબેશ આંતરરાષ્ટ્રિય સહયોગ દ્વારા ગ્રેઈન મિલ મારફતે આરોગ્યની સુધારણા માટે કામ કરી રહી છે.

ફલોર ફોર્ટીફિકેશનની પ્રણાલી પુનઃજીવિત કરવા અંગે માહિતી આપતાં ફૂડ ફોર્ટીફિકેશન ઈનિશ્યેટિવ, યુએસએના, ઈન્ડિયા કોર્ડીનેટર, ડૉ. સુબ્રતા દત્તા જણાવે છે કે, 'થોડાંક વર્ષ પહેલાં ગુજરાતમાં લોટના ફોર્ટીફિકેશનની સ્કીમને અટકાવાઈ છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણાં નાગરિકો સારી રીતે કામ કરે તો આપણો દેશ સારી રીતે કામ કરી શકે છે. નાગરિકોને તંદુરસ્ત ફોર્ટીફાઈડ આહાર આપવામાં આવે તો જ આ શક્ય બની શકે છે. ગુજરાત જયારે વિકાસ અથવા તો માળખાગત સુવિધાઓના ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી દાખવી રહ્યું છે ત્યારે આરોગ્યની પાયાની સુવિધાઓની ઘણીવાર અવગણના કરવામાં આવે છે. આથી ગુજરાત રોલર ફલોર મિલ એસોસિએશને, ફૂડ ફોર્ટીફિકેસન ઈનિશ્યેટિવ (એફએફઆઈ)ના સહયોગથી ગુજરાતના નાગરિકોને પોષણલક્ષી લાભો પૂરાં પાડવા ફલોર ફોર્ટીફિકેશન સ્કીમને પુનઃ જીવિત કરી છે.

## શબ્દાવલી - ૫૭૨૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ■ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | ■ | |
| ■ | ૯ | | | ■ | ૧૦ | ૧૧ | |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | | | ■ |
| | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | ૧૮ | | | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | | ■ | ■ | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | | | | ■ | ■ | |

### આડી ચાવી

૧. સૂરજ ઢળે તે સમય, સાંજ (૨)
૩. આકાર સહિતનું (૩)
૭. શરીર, આયખું (૨)
૮. પેટી, મંજુષા (૩)
૯. વિના મુલ્ય, દામ વગર(૩)
૧૦. ઉપકાર, ભલમનસાઇ (૩)
૧૨. ભાંગેલુ, નાશ પામેલું (૨)
૧૩. દેવું, ઉધારનું (૩)
૧૪. દુનિયા, જગતના અર્થમાં(૩)
૧૬. બુદ્ધિ, આવડત (૨)
૧૭. યમ, જમડા (૪)
૧૯. તાળાને હિન્દીમાં... કહેવાય (૨)
૨૦. પુરુષ જાતિ, માણસ (૨)
૨૧. તિરાડ વચ્ચેનું સમાધાન, સુલેહ(૪)
૨૩. ઝઘડાખોર, ઝઘડાળુ (૫)

### ઊભી ચાવી

૧. સાધુ (૨)
૨. તપસ્યામાં લીન (૪)
૩. અમીર ઉમરાવ, મંત્રી (૩)
૪. એક સુકો મેવો (૨)
૫. રસથી ભરપુર (૨)
૬. કાંડુ, એક ધાતુ (૩)
૧૧. મર્યાદા, આબરુ, પત (૫)
૧૨. ભય પેદા કરે તેવું (૫)
૧૩. ઓછું (હિન્દીમાં) (૨)
૧૪. એક કંદ જેનું સુંઠ બને (૨)
૧૫. કુટેવ, આદત (૨)
૧૮. ઇચ્છા, મુરાદ (૩)
૧૯. લાંબુ... જેવું, એક ઊંચુ ઝાડ (૨)
૨૧. દૂધને ગરમ કરતાં થતું પડ (૨)
૨૨. ભય, ભીક (૨)

### શબ્દાવલી ૫૭૨૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) આગમન (૫) કરવત (૬) રૂકમણી (૯) ડુક્કર (૧૦) ધવલ (૧૨) મણીધર (૧૪) તક (૧૬) ધનુ (૧૭) વ્યાજ (૧૮) બટકો (૨૦) રકમવાર (૨૧) લટ

**ઊભી ચાવી :-** (૨) ગતકડું (૩) ધરણીકર (૪) કોતવાલ (૭) મક્કમ (૮) ણીરધીધ (૧૧) માતબર (૧૩) ધર્નુધર (૧૫) કટક (૧૭) વ્યાકુલ (૧૯) કોમ

## ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર

### જાહેર નિવિદા

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા દ્વારા ગાંધીનગર શહેર તથા તેની આસપાસના ૧૫ કિ.મી.ના વિસ્તારની વિવિધ તાલીમ સંસ્થાઓમાં આયોજીત તાલીમ કાર્યક્રમો દરમિયાન તાજા બનાવેલા ફીક્સ લંચપેક પહોંચાડવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદારો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી (વ.) ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૫/૫/૨૦૧૫ છે તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તારીખ : ૨૨/૫/૨૦૧૫ ના રોજ ૧૮.૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોને આધિન માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે. અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

માહિતી/૨૮૧/૨૦૧૫-૧૬

## ગુજરાત સરકાર
### નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
### જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૫-૨૦૧૬

ગુજરાત સરકાર નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગની માન્ય યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઠેકેદારો પાસેથી રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, યોજના બાંધકામ વિભાગ નં.૩, સિંચાઈ ભવન, દુર્ગા સાઈટ, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૫૦૫૬) ગુહાઈ જળાશય યોજનાના બેકેટે તથા એપ્રોનમાંથી ઈન્સ્પેકશન માટે ડીવોટરીંગનું કામ (અંદાજીત રકમ રૂ. ૪.૯૩ લાખ) ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તા. ૧૬-૫-૨૦૧૫, ૧૬-૦૦ કલાક સુધી તથા ભાવો ભરેલ ટેન્ડર માત્ર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ પરત સ્વીકારવાની તા. ૨૨-૫-૨૦૧૫, ૧૬.૦૦ કલાક સુધીની છે. કોરા ભાવપત્રકો ભાવપત્રક દીઠ નિયત કરેલ ફી તથા જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાથી ઉપરોક્ત કચેરીએથી મેળવી શકાશે. ટપાલથી ભાવપત્રકો મંગાવનારે ભાવપત્રક દીઠ રૂ. ૧૦૦/- વધારાના ભરવાના રહેશે.

વધુ વિગતો માટે www.statetenders.comની વેબસાઈટ જોવા તથા ઉક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવાથી ઉપલબ્ધ થઈ શકશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૪૯/૨૦૧૫